ફોજદારી કેસ નં–2843–21

## –:: આંક–૧ ચાર્જેશીટ નીચે હુકમ ::–

(૧) ચાર્જશીટ તેમજ તે લગત કેસ પેપર્સ વંચાણે લીધા, પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૨૬૯, ૧૮૮ મુજબના ગુનાઓ સબબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ (ચાર્જશીટ) કરવામા આવેલ છે. ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે દાખલ કરવામા આવેલ પરંતુ આરોપીને સમન્સ કાઢવામા આવેલ નહી.

(૨) ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબનો ગુન્હો ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ના પ્રથમ શીડયુલ મુજબ કોન્ગીઝેબલ ગુન્હો છે પરતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા તેમાં ઈ.પી.કોડ ની કલમ–૧૭૨ થી કલમ–૧૮૮ હેઠળના ગુનાઓમા સંબંધીત રાજય સેવક / અધીકારી કે વહીવટ હેતુઓ માટે તેઓની નીચેના રાજય સેવક દવારા લેખીત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, પ્રસ્તુત કેસમા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ છે, ફરીયાદ વંચાણે લેતા આરોપીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાઓએ પ્રસીધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલાનુ જણાવેલ છે પરંતુ હાલના કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે તેઓના નીચેના વહીવટી અધીકારી ધ્વારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામા આવેલ નથી અને આ કામે ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ જાહેરનામામાં ફરીયાદ કરવાની સતા પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે મુજબ પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ / એ એસ આઈ દવારા હાલની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રૂબરૂ આપવામાં આવેલ છે પરતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ મુજબની અદાલતમાં ખાનગી ફરીયાદ કરવામાં આવેલ નથી, આવી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા દોલતરામ વિ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નં–૧૨૦૬ માં ઠરાવેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા આવેલ સંજ્ઞાનમા આરોપી તકસીરવાન ઠરાવવામા આવેલ હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી પ્રથમથી રદ (Void–ab initio) ગણાય, તેવી જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ તેમજ અરૂધંતી ભટાચાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફો.પ.અરજી નંબર–૧૨૮૧૮/૨૦૧૪ ના ચુકાદામા ઠરાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખીત ખાનગી ફરીયાદ કરવી ફરજીયાત છે આમ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ તથા ઉપરોકત ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુનામાં પોલીસ ચાર્જશીટ ફાઈલ કરી શકે નહી તેમજ આવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબનો રીપોર્ટ(ચાર્જશીટ)ને અદાલત ખાનગી ફરીયાદ તરીકે પણ ધ્યાને લઈ શકે નહી, તેવા સંજોગોમાં પોલીસ દવારા ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુન્હામાં ખાનગી

ફરીયાદ અદાલતમાં નહી કરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી તપાસ કરી ચાર્જશીટ કરેલ છે તે ગેરકાયદેસર ગણાય અને કોઈ પણ કારણોસર કાયદા મુજબની ગણી શકાય નહી અને તેવા સંજોગોમાં આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુન્હામાં ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકાય નહી કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.

(૫) આમ ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે કાયદાનો બાધ નડતો હોવાથી ઈ.પી.કોડની ક.૨૬૯ બાબતે પણ કોગ્નીઝન્સ લઈ શકાય નહી કારણ કે આરોપીના એક જ કાર્યથી અલગ અલગ ગુનાઓ બનેલ છે. આમ જયારે એક જ કાર્યથી એક કરતા વધુ અલગ અલગ ગુનાઓ બનતા હોય ત્યારે તે ગુનાઓ છુટ્ટા પાડી શકાય નહી અને એક ગુનાને કાયદાનો બાધ નડતો હોય ત્યારે તેની અસર તમામ ગુનાઓને લાગુ પડે તેમ છે. જે બાબતે નીચે મુજબના ચુકાદાઓ છે.

- ના. ગુજરાત હાઈકોર્ટે PARSHOTTAMBHAI ODHAVJIBHAI SOLANKI Vs STATE OF GUJARAT & 1 other(s) R/CRIMINAL MISC.APPLICATION NO. 31264 of 2016 Date : 04/11/2020 માં ઠરાવેલ છે કે The offence under sections 120B, 171D and 188 of IPC are alleged to have been committed as a part of the same transaction but the said sections cannot be segregated on the basis of offences occurring in Chapters X & XVI of the Cr.P.C. Hence, for the alleged offences in this case, the Magisterial Court could not have taken cognizance without a written complaint from the competent authority.

- ના. ગુજરાત હાઈકોર્ટે HET NILKANTH SHELAT Vs STATE OF GUJARAT & 1 other(s) R/CRIMINAL MISC.APPLICATION NO. 15270 of 2020 Date : 06/11/2020 માં Sections 188 of IPC, Section 144 of CRPC, Section 51(b) of Disaster Management Act and Section 135 of G.P. Act ની ફરીયાદ સબબ ઠરાવેલ છે કે 10. In view thereof, I am of the view that having regard to the nature of allegations, more particularly, allegations regarding Section 186 of IPC, the Police ought not to have taken cognizance of the offences. The only course open to the complaint was to file a complaint under Section 195 of the Code, and therefore, the present application deserves to be allowed and the impugned FIR is required to be quashed and set aside with the liberty in favour of the State Government to file appropriate proceedings in the competent Court under the provision prescribed by the law. આમ જયારે એક ગુનાને કાયદાનો બાધ નડતો હોય તો તે બાધ તમામ ગુનાને લાગુ પડે તેમ છે.

- BOMBAY HIGH COURT AT NAGPUR BENCH CRIMINAL APPLICATION (APL) NO. 453 OF 2020 DATED :- 21.09.2020 માં ઠરાવેલ છે કે 26. In the backdrop of the exposition of the aforesaid position, we are of the considered view that the implication of the applicants herein for the offences punishable under Sections 188, 269, 270 of the Indian Penal Code and Section 14 of the Foreigners Act, Section 3 of the Epidemic Disease Act, 1987 and Section 51 of the Disaster Management Act, 2005 would be an abuse of process of law. Compelling the applicants to undergo the trial would cause grave injustice. We, therefore, deem it appropriate to quash the F.I.R. bearing No. 178/2020 and charge-sheet bearing registration No. 6076/2020 before the Judicial Magistrate, First Class, Nagpur. આમ હાલના કામના કોઈ પણ ગુનાના સબબ કામ ચલાવી શકાય નહી. કાયદાનો બાધ તમામ ગુનાઓને નડે છે.

- Goverdhankumar Thakordas Asrani v. State of Gujarat 2018(1) G.L.H. 63, માં ઠરાવેલ છે કે 39. It is true that section 195 of the Code does not bar the trial of an accused for a distinct offence disclosed by the same set of facts and is not so stated therein. Section 195 also does not provide further that if in the course of the commission of that offence, the other distinct offences are committed, the court concerned is debarred from taking cognizance in respect of those offences as well. However, if the perusal of the first information report and other papers of the charge-sheet makes it clear that the offence under section 186 or section 188 of the IPC, as the case may be, is closely interconnected with the other distinct offences and cannot be split up, then, in such circumstances, the bar of section 195 of the Cr.P.C. will apply to such other distinct offences also.

ઉપરોકત ચુકાદાઓ સીવાય આ જ સીધ્ધાંતો બાબતો નીચે મુજબના ચુકાદાઓ પણ છે.

૧– Durgacharan Naik Vs. State of Orissa,
1966 Cri LJ 1491: AIR 1966 SC 1775;

૨– BasirUlHaq Vs. State of W.B., 1953 Cri LJ 1232: AIR 1953 SC 293;

૩– Oduvil Devaki Amma Vs. State of Kerala,
1981 KLT 475: 1982 Cri LJ (NOC)II (Ker);

૪– Ashok Vs. State, 1987 Cri LJ 1750 (Bom);
૫– N.H. Nanjegowda Vs. State of Karnataka, 1988 Cri LJ 807 (Kant).

આમ એક જ કાર્યથી થતા વિવિધ ગુનાઓ પૈકી કોઇ પણ ગુનાને ક્રીમી. પ્રોસી. કોડની ક.૧૯૫નો બાધ નડતો હોય તો તે ગુનાઓ અલગ કરી શકાય નહી અને એક જ વ્યવહાર થકી ઉત્પન્ને થયેલ તમામ ગુનાને કાયદાનો બાધ નડતો હોય તો પણ કોર્ટ કોગ્નઝન્સ લઇ શકે નહી.

(૪) આમ ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા આ કામના આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૨૬૯, ૧૮૮ મુજબના ગુન્હાની ચાર્જશીટ થયેથી ર્કોટ કોગ્નીઝન્સ લઈ શકે નહી અને જો ર્કોટ કોગ્નીઝન્સ લઈને કેસ ચલાવી આરોપીને કસુરવાન કે નીર્દોષ ઠરાવે તે કાયદા મુજબ યોગ્ય નથી, હાલના કામે એપીપીશ્રીને સાંભળવામાં આવેલ નથી કારણ કે પ્રથમ તો હાલના કામે કાયદા દ્રારા કોર્ટ ઉપર સ્પષ્ટ રીતે કોગ્નીઝન્સ લેવા બાઘ રાખેલ છે જેનો ઉલ્લેખ અગાઉ કરેલ છે, જે કાયદાનો બાધ અને ચુકાદાઓમાં ઠરાવેલ સીદઘાંતો સાથે અત્રેની કોર્ટ બંઘાયેલ છે. જેથી વિ.એપીપીશ્રીને સાંભળવાથી ફરીયાદપક્ષને કોઇ લાભ થાય તેમ જણાતુ નથી. આમ તમામ ચર્ચા વિચારણા ઘ્યાને રાખતા આરોપીનો કેસ ચલાવી શકાય નહી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

## –:: હુ ક મ ::–

- હાલના કેસના ગુણદોષમાં ઉતર્યા વગર હાલના કેસની કાર્યવાહી ક્રીમી. પ્રોસી. કોડની ક.૨૫૮ હેઠળ સ્થગીત કરી આરોપીને બીનતહોમત છોડી ફેંસલ કરવામાં આવે છે.
- સરકારશ્રીને / પોલીસ ખાતાને હાલની ફરીયાદ બાબતે યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરી ખાનગી ફરીયાદ કરવા માટે સદર હુકમથી કોઇ બાધ આવશે નહી.
- સદર કામે જો કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ હોય અને તે બાબતે જો કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામા આવે છે. જો મુદામાલ બાબતે કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલના માલીકની તપાસ કરી મુદામાલ તેના માલીકને સોંપવાનો હુકમ કરવામા આવે છે.

સ્થળ–રાજકોટ
તારીખ–૧૦/૦૭/૨૦૨૧

(નરેશ રામચંદ્ર વઘવાણી)
જજ કોડ GJ01368
સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ
મ્યુનીસીપલ કોર્ટ, રાજકોટ